પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૩૦૮ | ૧૯ જાન્યુઆરી, ૨૦૨૧, મંગળવાર; પોષ સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# પં.બંગાળમાં ભાજપ-ટીએમસી કાર્યકરો વચ્ચે અથડામણ

**વિધાનસભા ચૂંટણી પહેલાં બંગાળમાં રાજકીય ઘમાસાણ : ભાજપ દ્વારા રેલીનું આયોજન કરાયું હતું જેમાં બંન્ને પક્ષો વચ્ચે પથ્થરમારો થતા મામલો બિચકાયો, ભાજપે ટીએમસી પર આરોપ મૂક્યો**



કોલકાત્તા,તા.૧૮

પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણીને લઈ ભાજપ અને ટીએમસીએ અત્યારથી જ એડીચોટીનું જોર લગાવી દીધું છે. બંગાળમાં પોતાનો પાયો મજબૂત કરવા માટે બીજેપી તમામ પ્રયાસ કરી રહી છે. અને થોડા થોડા દિવસોના અંતરે અહીં કેન્દ્રીય મંત્રીઓ સાથેની રેલી યોજે છે. આજે બંગાળમાં કેન્દ્રીય મંત્રી દેબાશ્રી ચૌધરી અને બંગાળ બીજેપી પ્રમુખ દિલીપ ઘોષ અને બીજેપી નેતા સુવેંદુ અધિકારી સાથે ભાજપે રેલીનું આયોજન કર્યું હતું. આ રેલીમાં ટીએમસીના કાર્યકરોએ પથ્થરમારો કરી દીધો હતો. જે બાદ ભાજપ અને ટીએમસીના કાર્યકરો વચ્ચે અથડામણ થઈ હતી.

બીજેપીની રેલી નીકળી તે સમયે ટીએમસીની મહિલા વિંગ દ્વારા કાળા ઝંડા ફરકાવવામાં આવ્યા હતા. અને રેલીની સામે ટીએમસી કાર્યકરોએ ટીએમસીનો ઝંડા દેખાડ્યા હતા. આ સમયે રસ્તા પર રહેલાં અમુક કાર્યકરોએ ભાજપની રેલી પર પથ્થરો મારવાના શરૂ કરી દીધા હતા. જે બાદ બંને પાર્ટીઓનાં સમર્થકો વચ્ચે અથડામણ થઈ હતી.

નંદીગ્રામથી ચૂંટણી લડવાના પશ્ચિમ બંગાળના સીએમ મમતા બેનર્જીના નિર્ણય બાદ બીજેપીએ નિશાન સાધ્યું છે. સાથે જ બીજેપીએ મમતા બેનર્જીના દક્ષિણ કોલકાતામાં

● અનુસંધાન પાન-૭ પર

## નંદીગ્રામથી ચૂંટણી લડવાની મમતા બેનર્જીની જાહેરાત

**મુખ્યમંત્રી મમતાની આ જાહેરાત અનેક રીતે અગત્યની**

કોલકાતા, તા. ૧૮

પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનર્જીએ જાહેરાત કરી કે તેઓ આ વખતે નંદીગ્રામમાંથી વિધાનસભા ચૂંટણી લડશે. ભારતીય જનતા પાર્ટી અને તૃણમૂલ કોંગ્રેસની વચ્ચે રાજકીય જંગને લઈ મમતા દીદીની આ જાહેરાત કેટલીય રીતે અગત્યની જણાય છે.

પશ્ચિમ બંગાળમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે અને રાજકીય જંગ ચાલુ છે. સોમવારના રોજ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના ચીફ મમતા બેનર્જીએ નંદીગ્રામમાં ચૂંટણી સભા કરી અને અહીં ભાજપ પર નિશાન તાકયું. મમતા બેનર્જીની તરફથી નંદીગ્રામમાં એક ચૂંટણી સભામાં જ આ અંગેની જાહેરાત કરી દેવાઈ અને કહ્યું કે હું ઈચ્છું છું કે આ વખતે અહીંથી ચૂંટણી લડું. મમતા બેનર્જી એ કહ્યું કે આ વખતે પણ બંગાળમાં ટીએમસીની સરકાર બનશે અને ટીએમસીને ૨૦૦થી વધુ સીટો મળશે.

## ઉ.પ્રદેશમાં વેક્સિન લીધાના ૨૪ કલાક બાદ વોર્ડબોયના મોતથી હડકંપ મચ્યો

**હાર્ટ એટેકથી જીવ ગયો, વેક્સિનથી નહિ : ડોક્ટરની સ્પષ્ટતા**

મુર્દાબાદ,તા.૧૮

ઉત્તરપ્રદેશના મુરાદાબાદમાં જિલ્લા હોસ્પિટલમાં વોર્ડ બોય તરીકે કામ કરતા ૪૬ વર્ષના મહિપાલ સિંહનું અચાનક તબિયત ખરાબ થતાં મોત થયું હતું. પરિવારના સભ્યોનો આરોપ છે કે મહિપાલ સિંહને ૧૬ જાન્યુઆરીએ કોરોના રસીકરણ અભિયાન દરમિયાન રસી આપવામાં આવી હતી અને રસીના કારણે તેમનું મોત નીપજ્યું હતું. જોકે ચીફ ઓફ મેડિકલ ઓફિસર સીએમઓ એમસી ગર્ગે આ આરોપોને ફગાવી દીધા છે અને કહ્યું છે કે મહિપાલના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મોતનું કારણ હાર્ટ એટેક આવ્યું છે.

જિલ્લાધિકારી રાકેશકુમાર સિંહે પણ મહિપાલસિંઘના હાર્ટ એટેકથી મોતની વાત કહી છે. તેમણે કહ્યું કે મહિપાલના અવસાન બાદ કોરોના રસી અંગે અફવા ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરવામાં આવશે.

મહિપાલ સિંહના દીકરાએ મીડિયાને જણાવ્યું હતું કે સવારે ડ્યૂટી પરથી છૂટ્યા બાદ તે

● અનુસંધાન પાન-૭ પર

# કોરોના વાઈરસ બે માસમા નષ્ટ થશે : ડોક્ટર જેકબ

**સેકંડ સ્ટ્રેનને સમજવા ફર્સ્ટનો અભ્યાસ જરૂરી : જગવિખ્યાત વાઇરોલોજિસ્ટ ડો. જેકબ**

ન્યુ દિલ્હી,તા.૧૮

જગવિખ્યાત વાઈરોલોજિસ્ટ ડૉક્ટર ટી જેકબ જોને કહ્યું હતું કે કોરોના વાઈરસ હવે વધુમાં વધુ બે માસમા નષ્ટ થઈ જશે. વાઈરસના નવા સ્ટ્રેન વિશે બોલતાં તેમણે કહ્યું કે બીજા સ્ટ્રેનના વાઈરસને સમજવા માટે આપણે પહેલા તબક્કાના વાઈરસનો ઊંડો અભ્યાસ કરવો પડશે.

જો કે નવા સ્ટ્રેનની વાત સાચી છે એમ તેમણે કહ્યું હતું. વાઈરસનો નવો સ્ટ્રેન આવી ચૂક્યો છે એ તેમણે સ્વીકાર્યું હતું.

વેલ્લોરની ક્રિશ્ચન મેડિકલ કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપક અને ટોચના વાઈરોલોજિસ્ટ ડૉક્ટર જેકબે કહ્યું કે કોવેક્સિન બનાવવાની પદ્ધતિ અભૂતપૂર્વ છે પરંતુ એ સાથે આપણે યાદ રાખવું જોઈએ કે અત્યારે સમય પણ



અભૂતપૂર્વ છે. કોવેક્સિન ઈમર્જન્સી સ્ટેજમાં વાપરવાની સંમતિ આપવામાં આવી છે પરંતુ સરકાર માટે આ વેક્સિન ખરીદવી બંધનકર્તા નથી. કોવેક્સિનના વિવાદ અંગે ડૉક્ટ જેકબે કહ્યું કે મારો અંગત અભિપ્રાય પૂછવામાં આવે તો હું કોવીશીલ્ડને બદલે કોવેક્સિન લેવાનું વધુ પસંદ કરું.

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદ-સુરતને 'મેટ્રોની ગિફ્ટ'

**પીએમએ અમદાવાદ મેટ્રો ફેઝ-૨ અને સુરત મેટ્રો રેલ પ્રોજેક્ટનું વર્ચ્યુઅલ ઇ-ખામૂહૂર્ત કર્યું : - અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ ફેજ-૨ની લંબાઈ ૨૮.૨૫ કિ.મીની હશે, મોટેરાથી મહાત્મા મંદિર સુધી કોરોડિર બનશે, પ્રથમ તબક્કામાં ૪૦ કિમિના બે તબક્કા રહેશે, કોરિડોર ૧ સરથાણાથી ડ્રિમ સીટી ૧૫.૧૪ કિમિ જેમાં ૧૪ એલિવેટેડ તો ૬ ભૂગર્ભ સ્ટેશન હશે**

ગાંધીનગર,તા.૧૮

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ગુજરાતના વધુ બે મહત્વના પ્રોજેકટનું શિલાન્યાસ કરવામાં




આવ્યું છે. અમદાવાદ ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેકટ અને સુરત મેટ્રો રેલ પ્રોજેકટનું દિલ્લી ખાતેથી વર્ચ્યુલ શિલાન્યાસ કરવામાં આવ્યું. અમદાવાદ ફેઝ ૨ના મેટ્રોના કામનું ખાતમુહૂર્ત થયુ જે મોટેરાથી ગાંધીનગરને જોડશે. આ પ્રસંગે માનનીય રાજયપાલ આચાર્ય દેવવ્રત, ગુજરાતના માનનીય મુખ્યમંત્રી વિજય રૂપાણી, ભારતના ગૃહમંત્રી અમિત શાહ, ભારતના કેન્દ્રીય રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) ડો.હરદીપ સિંઘ પુરી ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

પીએમ મોદીએ ગુજરાતીમાં પોતાનું સંબોધન શરૂ કરતા જણાવ્યું કે, અમદાવાદ અને સુરતના બધા લોકો ઊંધિયા અને જલેબીમાંથી હવે નવરા પડ્યા હશે. તેમણે વધુમાં જણાવ્યું કે, આજે ઉત્તરાયણની શરૂઆતમાં આજે અમદાવાદ અને સુરતમાં, મોટા વેપારી શહેરોમાં મેટ્રો કનેક્ટિવિટીને મજબૂત કરવાનું કામ કરશે. કાલે કેવડિયા માટે નવા રેલ માર્ગો અને ટ્રેનોની શરૂઆત કરી. આ શુભારંભ માટે હું

**ગુજરાતની વિકાસ યાત્રામાં મહત્વપૂર્ણ અધ્યાયનો આરંભ, સુરત એક ભારત શ્રેષ્ઠ ભારતનું ઉદાહરણ, વિશ્વનું ૧૪મું સૌથી તેજીથી વિકસતું શહેર, આ મેટ્રો પ્રોજેક્ટ અમદાવાદ-સુરતમાં કનેક્ટિવિટીનું કામ કરશે, રાજ્યમાં આયુષ્માન ભારત થકી ૨૧ લાખ લોકોએ મફત સારવારનો લાભ લીધો છે : પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી**

ગુજરાતનાં લોકોને ઘણી શુભેચ્છાઓ આપુ છું. આજે ૧૭ હજાર કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું કામ શરૂ થઈ રહ્યું છે. જે બતાવે છે કે કોરોનાના આ કાળમાં પણ દેશનાન નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામ સતત વધી રહ્યા છે.

અમદાવાદ અને સુરત બંન્ને ગુજરાત અને ભારતનાં આત્મનિર્ભર્તાને સશ્કત કરતા શહેરો છે. મને યાદ છે કે, જ્યારે અમદાવાદમાં મેટ્રોની શરૂઆત થઈ હતી તે ઘણો જ મૂલ્યવાન પળ હતો. લોકોના ચહેરા પર ખુશી હતી. લોકો આ જોવા માટે ધાબા પર ચઢી ગયા હતા. આ કદાચ જ કોઈ ભૂલી શકે છે. અમદાવાદની ઓળખે મેટ્રો સાથે જોડાયુ છે.

● અનુસંધાન પાન-૭ પર

## શહીદ એક્સપ્રેસના બે કોચ પાટા ઉપરથી ખડી પડ્યાં

**પાટા પરથી ખડી પડતા પ્રવાસીઓમાં દોડધામ : હજુ કોઇપણ યાત્રીને ઇજા પહોંચી હોય તેવા અહેવાલ પ્રાપ્ત થયા નથી, કોચને પાટા પર લાવવા અંગેની કાર્યવાહી શરુ**

લખનઉ,તા.૧૮

લખનઉના ચારબાગ રેલવે સ્ટેશનની પાસે આજે સવારે એ સમયે હડકંપ જોવા મળ્યો જ્યારે શહીદ એક્સપ્રેસના બે કોચ પાટા પરથી ખડી પડ્યાં. અફરાતફરીના માહોલ વચ્ચે રેલવે તંત્ર ઘટનાસ્થળે પહોંચી ગયુ અને પરિસ્થિતિને કાબૂમાં લીધી. જો કે હજુ સુધી કોઈપણ યાત્રીઓને ઈજા પહોંચી હોય તેવા અહેવાલ પ્રાપ્ત થયા નથી. કોચને પાટા પર લાવવા અંગેની કાર્યવાહી શરુ કરી દેવામાં આવી છે. આ દૂર્ઘટના આજે વહેલી સવારે ૭.૪૫ કલાકની આસપાસ જોવા મળી. અમૃતસરથી જયનગર જતી ટ્રેન ૧૪૬૭૪ શહીદ એક્સપ્રેસ ચારબાગ રેલવે સ્ટેશન પહોંચી. જ્યાં થોડા પ્રવાસીઓ ઉતર્યા અને જયનગર જનવા માટે કેટલાંક પ્રવાસીઓ ટ્રેનમાં ચઢ્યા. સ્ટેશનથી થોડે દૂર પહોંચતાની સાથે જ ખમ્મન પીરની મઝાર પાસે ટ્રેનના બે કોચ પાટા પરથી ઉતરી જતાં પ્રવાસીઓમાં હડકંપ જોવા મળ્યો. ટ્રેન અચાનક ઝટકાથી ઉભી રહી જતાં અંદર સુતેલા પ્રવાસીઓ



અચાનક ગભરાઈ ગયા હતા. જેને લઈને થોડા સમય માટે અફારા-તફરીનો માહોલ સર્જાયેલો જોવા મળ્યો. જો કે કંટ્રોલ રુમમાં રેલવે તંત્રને જાણ થતાં ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

## આવકવેરા રિટર્ન ભરનારાની સંખ્યા વધીને છ કરોડે પહોંચી

નવી દિલ્હી, તા. ૧૮

આ વર્ષે, આવકવેરા રિટર્ન ભરનારા લોકોની સંખ્યા લગભગ ૫ ટકા જેટલી વધીને ૬ કરોડ થઈ છે. કંપનીઓ અને એકમો દ્વારા મોટી સંખ્યામાં રિટર્ન ફાઈલ કરવાને કારણે આવકવેરા રીટર્નની સંખ્યામાં વધારો થયો છે. આવકવેરા વિભાગના જણાવ્યા અનુસાર ૩૧ જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ માટે ૧૦ જાન્યુઆરી, ૨૦૨૧ સુધીમાં ૫.૯૫ કરોડથી વધુ આવકવેરા રીટર્ન ફાઈલ કરવામાં આવ્યા હતા.

વ્યક્તિગત આવકવેરા રીટર્ન ફાઈલ કરવાની અંતિમ તારીખ ૧૦ જાન્યુઆરી સુધી હતી જ્યારે કંપનીઓ માટે તે ૧૫ ફેબ્રુઆરી છે. કરવેરા વિભાગે

● અનુસંધાન પાન-૭ પર

### છેલ્લે... છેલ્લે...

- સોમનાથ ટ્રસ્ટના ચેરમેન પદે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની વરણી કરાઈ
- કોંગ્રેસના સાંસદ શ્રી દિગ્ગવિજયસિંહે ૧,૧૧,૧૧૧ રામમંદિરના નિર્માણ માટે ફાળો આપ્યો
- મહારાષ્ટ્રની ૪ હજારથી વધુ ગ્રામ પંચાયતોમાં કોંગ્રેસ વિજયી બની
- જાપાનમાં કોરોના વેક્સિનના વિતરણ માટે સમગ્ર મંત્રીમંડળને જવાબદારી સોંપાઈ
- રાજસ્થાનમાંથી રાત્રિ કરફ્યુ હટાવાયો.
- અટારી બોર્ડર પર પ્રજાસત્તાક દિને બીએસએફનો રીટ્રીટ સેરેમની રદ કરાયો

# દેખાવો કે ધરણાંની મંજૂરીનું કામ પોલીસનું છે : સુપ્રીમ કોર્ટ

**૨૬મીએ ટ્રેક્ટર રેલી પર સુપ્રીમની ટિપ્પણી : ટ્રેક્ટર રેલી દિલ્હીના રિંગ રોડ પર થશે જેનો દિલ્હી પોલીસે વિરોધ કર્યો અને કાયદો વ્યવસ્થા બગડવાનો હવાલો આપ્યો**

નવી દિલ્હી, તા. ૧૮

કૃષિ કાયદાના મુદ્દા પર ચાલી રહેલા ખેડૂત આંદોલનની વચ્ચે હવે દરેક લોકોની નજર ૨૬મી જાન્યુઆરી એટલે કે ગણતંત્ર દિવસ પર ટકેલી છે. ખેડૂતોએ આ દિવસે મોટી ટ્રેક્ટર રેલી કાઢવાની વાત કહી છે, જેનો દિલ્હી પોલીસે વિરોધ કર્યો. હવે જ્યારે સોમવારના રોજ આ મુદ્દા પર સુપ્રીમ કોર્ટમાં સુનવણી થઈ તો ચીફ જસ્ટિસે ટિપ્પણી કરી કે માર્ચ કે ધરણાની મંજૂરી આપવાનું કામ કોર્ટનું નહીં પોલીસનું છે.

આપને જણાવી દઈએ કે ખેડૂતોએ એલાન કર્યું કે ગણતંત્ર દિવસના અવસર પર તેઓ દિલ્હીમાં ટ્રેક્ટર રેલી નીકાળશે. આ ટ્રેક્ટર રેલી દિલ્હીના રિંગ રોડ પર હશે. જો કે દિલ્હી પોલીસે તેનો વિરોધ કર્યો અને કાયદો વ્યવસ્થા બગડવાનો હવાલો આપ્યો. તેને લઈ સુપ્રીમ કોર્ટમાં અપીલ કરાઈ.

સોમવારે જ્યારે આ મુદ્દાની સુનવણી થઈ તો ચીફ જસ્ટિસની તરફથી આકરી કડક ટિપ્પણી કરાઈ. કોર્ટે કહ્યું કે રામલીલા મેદાનમાં પ્રદર્શનની મંજૂરી પર પોલીસને નિર્ણય કરવાનો છે. સાથો સાથ કોર્ટે એમ પણ કહ્યું કે શહેરમાં કેટલાં લોકો, કેવી રીતે આવશે એ પોલીસ નક્કી કરશે. ચીફ જસ્ટિસે કહ્યું કે શું હવે કોર્ટ કહેશે કે સરકારની પાસે પોલીસ એક્ટની અંતર્ગત શું શક્તિ છે. જો કે જ્યારે સોલિસિટર જનરલની તરફથી ગણતંત્ર દિવસનો હવાલો આપી કોર્ટના નિર્દેશની અપીલ કરી તો હવે તેના પર વિસ્તારથી બુધવારના રોજ સુનવણી કરાશે.

આપને જણાવી દઈએ કે સુપ્રીમ કોર્ટ પહેલાં જ આ મુદ્દાની સુનવણી કરી રહ્યું છે. જ્યાં કોર્ટે એક કમિટીની રચના કરી છે, જે ખેડૂતો અને સરકારની વચ્ચે ચાલી રહેલા કૃષિ કાયદાને લઈ વિવાદને ઉકેલવાનું કામ કરશે.


FIGHT CORONA
M. 90998 72551
સેનેટાઈઝ સર્વિસ
ફ્લેટ | બંગલો | ઓફીસ | બિલ્ડીંગ
૫ લિટર સેનેટાઈઝર તથા ૫ N95 માસ્ક ફ્રી આપવામાં આવશે.
FDA & ISO સર્ટીફીકેટ વાળા સેનેટાઈઝર સ્પ્રે થી ક્વોરનટાઈન પહેલા અને પછી પણ સર્વિસ આપવામાં આવશે.